NAYARA
ENERGY

## PRESS COVERAGE:

**PUBLICATION NAME: NOBAT (GUJARATI DAILY)**
**CITY: JAMNAGAR**
**DATE: 22-06-2018**
**PAGE NO. 04**
**TOTAL SQ. CM. 236**
**TITLE:** ***Nayara Energy Limited distributes school and hygienic kits in 226 schools***

---

**ખંભાળીયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તા.ની ૧૪ શાળાઓના ૩૦૦૦ વિદ્યાર્થીઓ બન્યા લાભાન્વિત**

# નયારા એનર્જી લિમિટેડ દ્વારા ૨૨૬ શાળાઓમાં દફતરની સાથે સ્વચ્છતા કીટનું કરાયું વિતરણ



જામનગર તા. ૨૧: નયારા એનર્જી લિ.એ રાજ્ય સરકાર દ્વારા ઉજવાતા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સહભાગી બની ખંભાળીયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓ મળી કુલ ૨૨૬ શાળાઓના ૩૦૦૦ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ કીટની સાથે સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટે 'સ્વચ્છતા કીટ' નું વિતરણ કરી એક નવી પહેલ કરી હતી.

સામાજિક ઉત્તરદાયિત્વના નાતે રિફાઈનરી નજીકના ગામોમાં એનર્જી લિ.એ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહી છે. દરમિયાન રાજ્ય સરકારના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં નયારા એનર્જી લિ.એ દર વર્ષની માફક સહભાગીદાર બની ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓને ખુશખુશાલ કરી દીધા છે. ખંભાળીયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓમાં કંપનીના અધિકારીઓ તથા પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના કર્મીઓએ રૂબરૂ જઈ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ અને હાઈજીન કીટનું વિતરણ કર્યુ હતું. સ્કૂલ બેગ કીટમાં સ્લેટ, સ્લેટ-પેન, બુક, વેક્સ કેયન્સ, કેયન્સ ક્લબ બુક, પાણીની બોટલ વગેરે વસ્તુઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ વેળાએ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સરપંચ તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

નયારા એનર્જી લિ.એ સ્કૂલ બેગ કીટની સાથે વિદ્યાર્થીઓને હાઈજીન કીટનું વિતરણ કરી એક નવી પહેલ કરી છે. આ સ્વચ્છતા કીટમાં નેઈલ કટર, કાંસકો, ટુથબ્રશ, ટુથપેસ્ટ, ઊલિયું, હાથ રૂમાલ વગેરે વસ્તુઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. કંપનીના સ્ટાફ દ્વારા બાળકોમાં સ્વચ્છતા અંગે સમજ નાનપણથી જ કેળવાય એ માટે સ્વચ્છતા કીટમાં રહેલી વસ્તુઓનો ઉપયોગ રોજેરોજ કઈ રીતે કરવો અને તેનાથી તંદુરસ્તી કઈ રીતે સચવાયેલી રહેશે તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્કૂલ બેગ અને હાઈજીન બેગ મળતા બાળકોના ચહેરાઓ ખીલી ગયા હતાં. કંપનીની આ પહેલને શાળાઓના આચાર્ય તથા શિક્ષકોએ આવકારી હતી. નયારા એનર્જી લિ. રિફાઈનરી નજીકના ગામોમાં "ગ્રામશિક્ષા" કાર્યક્રમ હેઠળ બાળકો શાળાઓમાં નિયમિત હાજર રહે, કન્યા કેળવણીમાં વધારો થાય, વિદ્યાર્થીઓમાં ઉચ્ચ અભ્યાસનું પ્રમાણ વધે, નાના બાળકોમાં ડ્રોપઆઉટનું પ્રમાણ ઘટે અને પ્રૌઢ શિક્ષિત થાય એ માટે કાર્ય કરવામાં આવી રહ્યું છે, જેને લોકો દ્વારા આવકારવામાં આવી રહ્યું છે.